વડીલોને વંદન અભિનંદન


કાંતિલાલ બાલાશંકર વ્યાસ
(૧૯૩૯) મો.૯૮૨૫૦૩૩૦૩૪

મંજુલાબેન હરજીવનદાસ પંચાલ
(૧૯૪૨) ફોન: ૨૩૨૨૨૬૮૮

મોહનલાલ ભાણાભાઈ મકવાણા
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૨૯૪

શરદચંદ્ર ભેતનરાય વ્યાસ
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૫૪૪૩


પોપટલાલ રામજીભાઈ પટેલ
(૧૯૪૭) મો. ૯૭૧૨૫૭૨૭૨૯

તલોદ બાર એસોસિએશનના હોદ્દેદારોની વરણી

તલોદ બાર એસોસિએશનની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. જેમાં સર્વાનુમતે બિનહરીફ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

તલોદ તાલુકા બાર એસોસીએશનના પ્રમુખ તરીકે રમેશસિંહ મકવાણા, ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલા, સેક્રેટરી રિતેષભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી પંકજભાઈ પ્રજાપતિ સહિત સૌ હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી છે.

ડીસા તાલુકામાં જિલ્લા પંચાયતની ૯ બેઠક માટે ૬૩ ફોર્મ ભરાયા

ડીસા તાલુકા પંચાયત અને ડીસા તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા પંચાયતની કુલ-૯ બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસ સુધીમાં કોંગ્રેસ-ભાજપ અને અપક્ષ ઉમેદવારોએ મળી ૬૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ હવે તેનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કુલ ૬૩ ફોર્મ ભરાયા છે. જેમાં જિલ્લા પંચાયતમાં સમાવિષ્ટ ભડથ, ઝેરડા, જુનાડીસા, લાખણી, માલગઢ, મુડેઠા, સમોમોટા, વરણ અને વાસણા (જુના ડીસા) બેઠકનો સમાવેશ થાય છે.

ખેડબ્રહ્માના નવી મેત્રાલ ગામે આવેલ પાંજરાપોળમાંથી ૭ ગાયોની ચોરી

હિંમતનગર, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના નવી મેત્રાલ ગામે આવેલ જીવદયા પાંજરાપોળ સંસ્થામાંથી ગત રાત્રીના સમયે સાત ગાયો ચોરી કરી અજાણ્યા ઈસમો લઈ ગયા છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માના નવી મેત્રાલ ગામે આવેલ જીવદયા પાંજરાપોળ સંસ્થામાં અનેક ગાયો રાખવામાં આવેલી છે. તેનું સંસ્થાના લોકો દ્વારા જતન કરવામાં આવે છે. પરંતુ ગત તા. ૩૧-૧-૧૩ ના રોજ રાત્રીના સમયે ચોર ટોળકી ત્રાટકી હતીને પાંજરાપોળની દિવાલ તોડીને પાંજરાપોળમાં છૂટી ફરતી સફેદ કલરની સાત ગાયો કિ. રૂ. ૭,૦૦૦ ની ચોરી કરી લઈ ગયા હતા. સવારે સંસ્થાએ દિવાલ તુટેલી જોઈ ગાયોની ગણતરી કરતા સાત ગાયો ઓછી હતી. આ સંદર્ભે ભોગીલાલ ડાહ્યાલાલ મહેતા (રહે. ખેડબ્રહ્મા)એ ખેડબ્રહ્મા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. કાન્તીભાઈ કોદરભાઈ કરી રહ્યા છે.

ઠંડી ઓછી થતાં મસીનો આતંક વધ્યો

રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકો મસીના કારણે હેરાન પરેશાન

ગાંધીનગર, તા.૩

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મસીના નામે ઓળખાતી ઝીણી જીવાતનો આતંક વધી ગયો છે. દિવસ દરમિયાન તેઓ રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકોને હેરાન પરેશાન કરી મુકે છે.

ઠંડી સાવ ઘટી ગઈ છે. ઉનાળાના આગમનની છડી પોકારતી વસંત ઋતુ આવી ચુકી છે. પરંતુ પ્રકૃતિના સૌંદર્યને માણી શકીએ તે પહેલા મસીનો આતંક શરુ થઈ ચુકયો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગાંધીનગરમાં મસીના નામે ઓળખાતી ઝીણી જીવાત ખુબ મોટા પ્રમાણમાં ઉડી રહી છે. દિવસે દિવસે તેનો આતંક વધી રહ્યો છે. આ ઝીણી જીવાતની સંખ્યા ખુબ વધુ હોવાથી તેનાથી રાહદારીઓ પણ પરેશાન થઈ જાય છે. સૌથી વધુ પરેશાની દ્વિચક્રી વાહનચાલકોને થાય છે. વાહનચાલકોએ ફરજીયાત ચશ્મા પહેરવા પડે છે. જો ચશ્મા ન પહેર્યા હોય તો મસી આંખમાં પડે છે અને ખુબ મુશ્કેલીઓ ઉભી કરે છે. થોડીક વધુ ગરમી પડવાની શરૂ થશે તે પછી જ મસીનો આતંક ઓછો થશે. જો પીળા કે કેસરી રંગના કપડાં પહેર્યા હોય તો આવી જ બન્યું જાણે. મસીનો મોટો સમુહ આ રંગના કપડાં પર ચોંટી જાય છે. ગાંધીનગરની આસપાસ ખેતરોમાં આ સિઝનમાં રાયડાનું વાવેતર થાય છે. જેના કારણે મસીનો ઉપદ્રવ વધે છે. શહેરની સાવ નજીક ખેતરો આવેલા હોવાથી શહેરીજનો મસીના આતંકથી બચી શકતા નથી. લગભગ દર વર્ષે વસંતઋતુની શરૂઆતમાં મસીનો ત્રાસ પેદા થાય છે.

પગાર ધોરણ સુધારણા સહિતની બાબતો અંગે નાણા વિભાગ સાથે પરામર્શ કરવા વિભાગોને સૂચના

ગાંધીનગર, તા. ૩

પગારધોરણ સુધારણા અથવા નવી જગ્યાઓના પગાર ધોરણ મંજુર કરવાની બાબતો અંગે નાણા વિભાગનો પરામર્શ કરવા માટે રાજ્ય સરકારના વહીવટીતંત્રમાં આવેલ તમામ ખાતા કચેરીઓને સૂચનાઓ આપવામાં આવી છે.

કેટલીકવાર વહીવટી વિભાગો દ્વારા જગ્યાઓના પગાર સુધારણા માટે પુરતી ચકાસણી વગર કર્મચારી મંડળોની રજુઆત કે ખાતાના વડાની ભલામણ સાથે સંમત થઈ નાણાં વિભાગને દરખાસ્ત મોકલવામાં આવે છે.

આવી પરિસ્થિતિમાં જે તે જગ્યાને મળવા પાત્ર ખરેખર પગાર ધોરણ તે જગ્યાના ભરતી નિયમો ભરતી સ્રોત ભરતી કરનાર સંસ્થાની કક્ષા ભરતીની પદ્ધતી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત જગ્યાની કામગીરીનો પ્રકાર અને તેની કામગીરીનો વ્યાપ બઢતીની તકો વહીવટી માળખામાં તેનું સ્થાન જગ્યાની ઉપયોગીતા અન્ય ખાતામાં તેવી જગ્યાઓનું પગારધોરણ વગેરે બાબતોને માપદંડ ગણી તેની વિગતવાર ચકાસણી કરવાની રહે છે.

પરંતુ વહિવટી વિભાગો દ્વારા રજુ થતી દરખાસ્ત ઉપરના માપદંડોને ધ્યાને લઈ ચકાસવામાં આવતી ન હોવાથી નાણા વિભાગને પગાર સુધારણાની દરખાસ્તની ચકાસણી અને મુલ્યાંકન કરવામાં તકલીફ પડે છે. આથી જગ્યાના ભરતી નિયમો લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ભરતીસ્રોત વહીવટી માળખુ સંબંધિત જગ્યાની ફરજો જવાબદારી અને તેના કાર્યક્ષેત્રનો વ્યાપ બઢતીની તકો વિગેરે માપદંડ ધ્યાનમાં લઈ આ પ્રકારની દરખાસ્ત મોકલવા કચેરીઓને જણાવવામાં આવ્યું છે.

સચિવાલયના તમામ વહીવટી વિભાગોને આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે. આ ઉપરાંત નાણા વિભાગ પગાર એકમ તે શાખાની મંજૂરી વિના નવી જગ્યાના પગાર ધોરણ મંજૂર નહિ કરવા તથા જે તે જગ્યાના પગાર ધોરણની સુધારણા જગ્યાનું અપગ્રેડેશન એક પ્રકારની જગ્યાનું બીજી જગ્યામાં રૂપાંતર નાણા વિભાગની મંજૂરી વિના ન કરવા માટે ચુસ્તપણે અમલ થાય તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવા પણ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના વહીવટીતંત્રમાં આવેલ વિવિધ ખાતા કચેરીમાં નવી જગ્યાઓના પગાર ધોરણ ઘડવા તથા પગાર ધોરણ સુધારવા અથવા અપગ્રેડ કરવાની બાબતોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી આ સૂચનાઓ વિભાગોને આપવામાં આવી છે.

પમીથી ફરી ઠંડીના રાઉન્ડની આગાહી

સાવ ગાયબ થઈ ગયેલી ઠંડીનું જોર આગામી દિવસોમાં વધશે : ત્રણ-ચાર દિવસ આકરી ઠંડી પડશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી સાવ ઘટી ગઈ છે. દિવસે ઉનાળા જેવું વાતાવરણ લાગે છે. પરંતુ આગામી પમી ફેબ્રુઆરીથી પુનઃ ઠંડીનો બીજો રાઉન્ડ આવવાની આગાહી કરવામાં આવી છે.

વહેલી સવારે અને રાત્રે હજુ થોડીક ઠંડીનો અહેસાસ થાય છે પરંતુ દિવસે તો ઠંડી સાવ ગાયબ થઈ ગઈ છે. દિવસે ઉનાળા જેવું વાતાવરણ લાગતા ઘરમાં ફુલ સ્પીડે પંખા ચલાવવા પડે છે. છેલ્લા અઠવાડિયાથી આવું જ વાતાવરણ જળવાઈ રહ્યું છે. હવે તો ઠંડી ગઈ તેમ માની ગૃહિણીઓએ ગરમ વસ્ત્રો ધોઈને કબાટમાં મુકી દીધા છે પરંતુ થોડાક જ દિવસોમાં પુનઃ ગરમ વસ્ત્રોમાં વિટળાઈને ફરવું પડી શકે છે. હવામાન ખાતાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર હાલ જમ્મુ-કાશ્મીરમાં હીમ વર્ષા થઈ રહી છે. જેમાં આગામી ૬ ફેબ્રુઆરી સુધી વધારો થવાની સંભાવના છે. આ દિવસો દરમિયાન પહાડી વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં હિમવર્ષા તેમજ ઉત્તર ભારતના અમુક રાજ્યોમાં કરા સાથે વરસાદ પડશે.

જેની અસરરૂપે આગામી તા.૫મીથી ફરી ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. જો કે ઠંડી એકદમ નહીં વધે પરંતુ ક્રમશઃ ઠંડી વધતી જશે. હાલમાં લઘુત્તમ તાપમાન ૧૬-૧૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે જયારે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સુધી પહોચ્યું છે. આગામી દિવસોમાં ઠંડી વધશે તો પારો એક ઝાપટે ૩ થી ૪ ડિગ્રી સુધી નીચે જઈ શકે છે. જો કે ઠંડીનો આ સ્પેલ હવે છેલ્લો હશે. તે પણ વધુ દિવસો સુધી ચાલુ નહીં રહે. ત્રણ-ચાર દિવસ સુધી સારી એવી ઠંડક રહ્યા બાદ ધીમે ધીમે ઠંડી ઘટતી જશે અને ફેબ્રુઆરી માસના અંતે ઉનાળાનો પ્રારંભ થઈ જશે તેવી પણ આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં ૧૧૪૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરેરાશ ૭૫ ટકા મતદાન

બનાસકાંઠામાં ૮૫, પાટણ જિલ્લામાં ૮૬ ટકા અને અમદાવાદ જિલ્લામાં ૮૨ ટકા મતદાન થયું

ગાંધીનગર,તા. ૩

રાજ્યમાં આજે ૧૧૪૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણરીતે યોજાઈ હતી. અને સરેરાશ મતદાન ૭૫ ટકા જેટલું થયું છે. આ ચૂંટણીના મંગળવારે મત ગણતરી હાથ ધરવામાં આવશે.

રાજ્યના ૨૬ જિલ્લાઓમાં તા. ૩૦-૪-૨૦૧૩માં મુદત પૂર્ણ થતી હોય એવી ૧૧૪૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી આજે યોજાઈ હતી. જેમા ૧૨૭૭૧ બેઠકો માટે ૧૫,૬૭,૬૦૯ જેટલાં મતદારો નોંધાયેલા છે. એમાં ૮,૧૭,૫૭૦ પુરૂષ મતદારો અને ૭,૫૦,૦૩૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પ્રથમવાર જ ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ બન્યો નથી. અને ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

ચૂંટણીપંચના સૂત્રોના જણાવ્યા મુજબ ૧૧૪૧ જેટલી ગ્રામ પંચાયતો માટેની ચૂંટણીમાં વહીવટી તંત્ર, પોલીસ અને એસઆરપીનો પૂરતો બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો. તથા ૩૮૬ જેટલા રિટર્નીંગ અધિકારીઓને ફરજ સોંપવામાં આવી હતી. કુલ ૧૧૪૧ ગ્રામપંચાયતોની ૧૨૭૭૧ બેઠકોની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. સરેરાશ ૭૫ ટકા જેટલું મતદાન થયું છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૮૫ ટકા, પાટણ જીલ્લામાં ૮૬ ટકા અને અમદાવાદ જીલ્લામાં ૮૨ ટકા મતદાન યોજાયું હતું.

ચાંદખેડા વિસ્તારમાં ચેઈન સ્નેચીંગનો બનાવ

ચાંદખેડા વિસ્તારમાં મોટરસાઈકલ પર આવેલા બે શખ્સો ગળામાંથી સોનાની બે ચેઈન તોડી ફરાર થઈ ગયા હતા. સંગાથ-ઉના મોટેરા સ્ટેડિયમ રોડ ખાતે રહેતા અંજુબેન રેસીડેન્સી નજીકથી સ્કુટી પર પસાર થઈ રહ્યા હતા ત્યારે બે શખ્સો બાઈક પર આવ્યા હતા અને સોનાની ચેઈન કિંમત ૩૦ હજાર તોડી લઈ ફરાર થઈ ગયા હતા. આ સંબંધમાં અંજુબેન વર્માએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેમાં ચાંદખેડા પોલીસે ફરીયાદના આધારે તપાસ હાથ ધરી હતી.

ગુજરાતમાં બે ઋતુથી શરદી, તાવના કેસોમાં થયેલો વધારો

અમદાવાદ, તા.૩

અમદાવાદ સહીત રાજ્યમાં હાલમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી એમ બેવડી ઋતુ ચાલે છે. બેવડી ઋતુને કારણે શરદી, ખાંસી અને તાવના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલીયામાં ૧૨.૫ ડીગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે, આવતીકાલે સૌરાષ્ટ્ર, કચ્છ અને દીવના તમામ જિલ્લાઓમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડી શકે છે. જયારે રાજયના બાકીના વિસ્તારો, દમણ અને દાદર નગરી હવેલીમાં આકાશ વાદળછાયુ રહેશે. અમદાવાદમાં પણ આકાશ વાદળછાયુ રહેશે અને લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.

જ્ઞાન ગંગા જ્યાં વહે...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ગામમાં બિંદુબેન અને પાર્થેશભાઈ પંડ્યાએ ઘરશાળાનો એક નવતર અભિગમ હાથ ધર્યો છે જેમાં ધો. ૮ થી ૧૦નું શિક્ષણ અપાય છે. આ ઘરશાળામાં સવારે ૮ થી શાળાનું શિક્ષણ પ્રાર્થના સાથે શરૂ થાય છે અને સાંજ સુધી ચાલે છે. આ બાળકોના નામ અન્ય સ્કુલમાં ચાલે છે પણ અભ્યાસ અહિ કરી તેઓ પરીક્ષા આપવા જાય છે.

આ શાળાના શિક્ષક પરિવારો અને વિદ્યાર્થીઓ વચ્ચે રચાયેલા એક પ્રેમસેતુને જોઈ તમને આ શાળાને આદર્શ શાળા નહિ પણ મોડેલ શાળા જ કહો.

અહિ પુરતા ક્લાસરૂમ નથી પણ બાળકોમાં ભણવાની વૃત્તિ જે જગાવવામાં આવી છે તે અનન્ય છે અને એટલે જ અહિ સરસ્વતી સાધનાના સપ્તરંગી મેઘધનુષ ખીલ્યા છે. ખુલ્લામાં બેસીને પણ ભણવાનું સાથે સાથે જીવનમાં કેળવણી માત્ર પુસ્તકલક્ષી નહિ જીવનલક્ષી શિક્ષણના પાઠ અહિ વિદ્યાર્થીઓ શીખી રહ્યા છે. શાળાના ઓરડાઓ બાંધવા માટે ગામતળની જગ્યા ઉપલબ્ધ નથી પણ ગામલોકો આ માટે તૈયાર થઈ ગયા છે...

શબ્દાવલી - ૪૯૬૮



આડી ચાવી

૧. સૂર્ય, ભાસ્કર (૪)
૩. ખરતો તારો, આકાશી અગ્નિ (૩)
૫. ... જન તો એને રે કહીએ.. (૩)
૬. અનાજ સડે નહી તે માટે... ની ગોળી તેમાં મુકાય (૨)
૭. માથામાં પડતી જૂની આધાર (૨)
૯. તબીયત (૩)
૧૦. ચકલી, પાણીનો... (૨)
૧૧. વિલંબ (૨)
૧૪. એક રમત (૨)
૧૬. વાટકા, વાટકીઓ (૩)
૧૮. બગલ (૨)
૨૦. ઝગમગવું તે (૫)
૨૨. આકાશી તારા ખરે તે (૩)
૨૩. જગ્યા, માગ (૩)

ઊભી ચાવી

૧. નવી શોધ (૪)
૨. મેલેરિયા-ટાઈફોઈડ એ... નો પ્રકાર છે (૨)
૩. ગરમ (૨)
૪. તલ્લીન, મગ્ન (૪)
૫. સંસારમાંથી રસ ઉડી જવો (૩)
૬. મણકો, મોતી (૨)
૮. ખળભળી જવું તે, ... મચી જવો (૫)
૯. ઈચ્છા, આકાંક્ષા (૩)
૧૨. ...ઝરવી, ઉગ્ર બોલાચાલી (૪)
૧૩. ખુબ ટકે તેવું (૩)
૧૫. દવાનો નક્કી કરેલ જથ્થો (૨)
૧૭. મેદાન (૩)
૧૯. 'જયારે' ને હિન્દીમાં ... કહેવાય (૨)

શબ્દાવલી ૪૯૬૭ના જવાબ

આડી ચાવી :- (૧) સડસડાટ (૪) મડ (૬) મહોલ્લો (૭) ખેચર (૮) સનદ (૯) સર (૧૧) અલમારી (૧૪) મેઘાણી (૧૫) ફરાર (૧૭) દાયજો (૧૯) જામા (૨૦) વિકાર (૨૧) ડિઝાઈન

ઊભી ચાવી :- (૧) ડબચર (૩) ડાટી (૪) મહોદવ (૫) ડલ્લો (૬) મન (૭) ખેસ (૧૦) ઉલ (૧૧) અણીદાર (૧૨) રીફ (૧૩) અરમાન (૧૪) મેધાવિ (૧૬) રાજાઈ (૧૮) જોડી

SANGHI CEMENT
KisaN
VINAYAK500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા: સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,